સમય : ૩ કલાક　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　કુલ ગુણ : 80

## વિભાગ : A

**• નીચે આપેલા પ્રશ્ન નં. ૧ થી ૧૬ ના માંગ્યા મુજબ જવાબ આપો.** (16)

**• નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

**(1)** $(x-2)$ એ $x^3-3x^2+3x-2$ નો અવયવ છે.

**(2)** દ્વિઘાત સમીકરણ $ax^2+bx+c=0$ માં જો $b^2-4ac<0$ હોય તો સમીકરણના બે ભિન્ન વાસ્તવિક બીજ મળે.

**(3)** $\sqrt{2}, \sqrt{8}, \sqrt{18}, \sqrt{32}$ ......એ સમાંતર શ્રેણી નથી.

**(4)** $\text{Cot}(90° - A) = \text{Cosec } A$

**• વિધાત સાચું બને તે રીતે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**(5)** જો બહુલક અને મધ્યસ્થનો તફાવત 24 હોય તો મધ્યસ્થ અને મધ્યકનો તફાવત ..........થાય.

(A) 24　(B) 12　(C) 36　(D) 6

**(6)** વર્ષમાંથી એક મહિનો યાદચ્છિક રીતે પસંદ કરતાં તે જુન કે ડિસેમ્બર હોવાની સંભાવના ...............છે.

(A) 1/12　(B) 1/6　(C) 1/7　(D) 2/7

**(7)** અંગ્રેજી મુળાક્ષરમાંથી એક અક્ષર પસંદ કરતા તે આલ્ફાબેટ માં અક્ષર ‘ N ’ પહેલા આવવાની સંભાવના.............છે.

(A) 4/13　(B) 6/13　(C) 7/13　(D) 1/2

**(8)** એક માતા અને તેના બે બાળકોની હાલની ઉમરનો સરવાળો x વર્ષ છે.તો y વર્ષ પછી તેઓની ઉમરનો સરવાળો..........વર્ષ થશે.

(A) $x + y$　(B) $x + 3y$　(c) $x - y$　(D) $x - 3y$

**• વિધાન સાચું બને તે મુજબ ખાલી જગ્યા પુરો.**

**(9)** $\frac{x}{2}+\frac{y}{5}=1$ નો આલેખ x- અક્ષને ...............માં છેદે છે.

**(10)** A (-6,7) અને B(-1,-5) વચ્ચેનું અંતર ........... થાય.

**(11)** જો $\sin\theta + \cos\theta = 1$ હોય,તો $\sin\theta \cdot \cos\theta =$ ................

**(12)** વર્તુળને વધુમાં વધુ..................સમાંતર સ્પર્શક હોય.

**• એક વાક્ય,શબ્દ કે આંકડામાં જવાબ આપો.**

**(13)** જો વર્તુળની પરિમિતિ અને ક્ષેત્રફળ સમાન સંખ્યા હોય,તો વર્તુળની ત્રિજયા શોધો.

**(14)** 2 સેમી ત્રિજયા અને 6 સેમી ઊંચાઈવાળા શંકુનું ઘનફળ શોધો.

**(15)** જો $P(A) = x/12$ અને $P(A') = 2/3$ હોય,તો X શોધો.

**(16)** જો $P(A) = 2/7$ હોય તો $P(A')$ શોધો.

## વિભાગ : B

**• નીચે આપેલા પ્રશ્ન નં. ૧૭ થી ૨૬ ના ૪૦ થી ૫૦ શબ્દોમાં માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના ૨ ગુણ) (૨૦)**

**• નીચેના પ્રશ્નોની ગણતરી કરી જવાબ લખો.**

**(17)** યુકિલડ ની ભાગ પ્રવિધિ નો ઉપયોગ કરી ગુ.સા.અ. શોધો : 135 અને 225

**(18)** જો ગુ.સા.અ. (306,657) = 9 હોય,તો લ.સા.અ. (306,657) શોધો

**(19)** $x^4-5x+6$ ને $2-x^2$ વડે ભાગો અને ભાગફળ તથા શેષ મેળવો.

**(20)** સુરેખ સમીકરણ યુગ્મ $\frac{3x}{2} - \frac{5y}{3} = -2$ અને $\frac{x}{3} + \frac{y}{2} = \frac{13}{6}$ ને આદેશની રીતે મેળવો.

અથવા

**(20)** સુરેખ સમીકરણ યુગ્મ $x + y = a + b$ અને $ax - by = a^2 - b^2$ ને લોપની રીતે ઉકેલો.

**(21)** જો $15 \cot A = 8$ હોય,તો Sin A અને Sec A શોધો.

**(22)** કિંમત શોધો: $\frac{5 \cos^2 60 + 4 \sec^2 30 - \tan^2 45}{\sin^2 30 + \cos^2 30}$

અથવા

**(22)** કિંમત શોધો : $\frac{1 + \sec A}{\sec A} = \frac{\sin^2 A}{1 - \cos A}$

**(23)** બે સમકેન્દ્રી વર્તુળોની ત્રિજયાઓ 5 સેમી અને 3 સેમી છે.મોટા વર્તુળની જીવા નાના વર્તુળને સ્પર્શે છે,તો તેની લંબાઈ શોધો.

અથવા

**(23)** સાબિત કરો કે,બે સમકેન્દ્રી વર્તુળોની વર્તુળોમાં જીવા નાના વર્તુળને સ્પર્શતી હોય,તે સ્પર્શબિંદુ તેને દુભાગે છે.

**(24)** વિદ્યાર્થીઓના એક સમુહે એક વસ્તીમાં 20 પરિવારની સભ્યસંખ્યા પર સર્વેક્ષણ હાથ ધર્યા તેનાથી પરિવારના સભ્યોની સંખ્યા માટે નીચેનું આવૃતિકોષ્ટક બન્યું,આ માહિતીનો બહુલક શોધો.

| પરિવારની સભ્યસંખ્યા | 1 - 3 | 3 - 5 | 5 - 7 | 7 - 9 | 9 - 11 |
|---|---|---|---|---|---|
| પરિવારોની સંખ્યા | 7 | 8 | 2 | 2 | 1 |

**(25)** $\Delta ABC \sim \Delta DEF$ છે.તેમના ક્ષેત્રફળો અને અનુક્રમે 64 સેમી$^2$ અને 121 સેમી$^2$ છે.જો EF = 15.4 સેમી હોય,તો BC શોધો.

**(26)** બે ક્રમિક ધન પુર્ણકોનો ગુણાકાર 306 છે.તો ધન પૂર્ણાંકો શોધો.

અથવા

**(26)** દ્વિઘાત સમીકરણ $2x^2 + Kx + 3 = 0$ ના બીજ સમાન હોય તો K શોધો.

## વિભાગ : C

**• નીચે આપેલા પ્રશ્ન નં. ૨૭ થી ૩૪ ના ૬૦ થી ૮૦ શબ્દોમાં મુદ્દાસર જવાબ આપો. (દરેકના ૩ ગુણ) (૨૪)**

**• નીચેના પ્રશ્નોન માંગ્યા પ્રમાણે ગણતરી કરી જવાબ આપો**

**(27)** બહુપદી $3x^2 - x - 4$ ના શુન્યો શોધો તથા તેમના શૂન્યો અને સહગુણકો વચ્ચેનો સબંધ ચકાસો.

**(28)** રહેમાન ની આજથી ત્રણ વર્ષ પહેલાની ઉંમરના (વર્ષમાં) વ્યસ્ત અને હવે થી 5 વર્ષ પછીની ઉંમરના વ્યસ્તનો સરવાળો 1/3 છે.તેની અત્યારની ઉંમર શોધો.

**(29)** જો સમાંતર શ્રેણીનું ત્રીજુ અને નવમું પદ અનુક્રમે અનુક્રમે 4 અને -8 હોય,તો તે શ્રેણીનું કયું પદ 0 થાય ?

અથવા

**(29)** સમાંતર શ્રેણીના પ્રથમ પદ અને અંતિમ પદ અનુક્રમે 17 અને 350 છે. જો સામાન્ય તફાવત 9 હોય તો તેમા કેટલા પદ હશે અને તેમનો સરવાળો કેટલો થશે ?

**(30)** Y અક્ષ એ બિંદુઓ (5,-6) અને (-1,-4) ને જોડતા રેખાખંડનું કયા ગુણોતર માં વિભાજન કરે છે,તે શોધો અને આ છેદબિંદુ પણ મેળવો.

**(31)** જો નીચે આપેલ આવૃતિ વિતરણનો મધ્યસ્થ 28.5 હોય તો x અને y નાં મૂલ્યો શોધો.

| વર્ગ અંતરાલ | 0-10 | 10-20 | 20-30 | 30-40 | 40-50 | 50-60 | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| આવૃતિ | 5 | x | 20 | 15 | y | 5 | 60 |

અથવા

**(31)** નીચેનું કોષ્ટક એક વર્ષ દરમિયાન એક દવાખાના માં દાખલ થયેલા દર્દીઓની ઉમર દર્શાવે છે,તો આ માહિતી નો મધ્યક શોધો.

| ઉમર (વર્ષમાં) | 5-15 | 15-25 | 25-35 | 35-45 | 45-55 | 55-65 |
|---|---|---|---|---|---|---|
| દર્દીઓની સંખ્યા | 6 | 11 | 21 | 23 | 14 | 5 |

**(32)** સાબિત કરો કે વર્તુળની બહારના બિંદુમાંથી વર્તુળને દોરેલા બે સ્પર્શકો વચ્ચેનો ખૂણો અને સ્પર્શબિંદુઓને કેન્દ્રને જોડતા રેખાખંડ વચ્ચેનો ખૂણો એકબીજાને પૂરક હોય છે.

**(33)** 15 સેમી ત્રિજયાવાળા વર્તુળની જીવા કેન્દ્ર આગળ $60^\circ$ નો ખૂણો આંતરે છે.તેને અનુરૂપ લઘુવૃતખંડ અને ગુરૂવૃતખંડનું ક્ષેત્રફળ શોધો ($\pi = 3.14$ અને $\sqrt{3} = 1.73$ લો)

**(34)** એક કુવો 7 મીટર વ્યાસવાળા વર્તુળ પર 20 મીટર સુધી ખોદવામાં આવે છે,અને તે ખોદવાથી નીકળેલી માટીને એક સરખી રીત પાથરી 22 મીટર $\times$ 14 મીટર ની એક વ્યાસપીઠ બનાવવામાં આવે છે,તો વ્યાસપીઠ ની ઉંચાઈ શોધો

અથવા

**(34)** એક તંબુનો આકાર નળાકાર ઉપર શંકુ મૂકવામાં આવેલ હોય તેવો છે.જો નળાકાર ભાગની ઊંચાઈ અને વ્યાસ અનુક્રમે 2.1 મીટર અને 4 મીટર હોય તથા ઉપરના ભાગની તિર્યક ઊંચાઈ 2.8 મીટર હોય તો, આ તંબુ બનાવવા વપરાતા કેનવાસ નું ક્ષેત્રફળ શોધો.અને જો કેનવાસનો ભાવ રૂ.500 પ્રતિમીટર$^2$ હોય,તો તેમાં વપરાતા કેનવાસની કિંમત શોધો.(તંબુના તળિયાને કેનવાસથી ઢાંકવામાં આવતો નથી)

## વિભાગ : D

**• નીચે આપેલા પ્રશ્ન નં. ૩૫ થી ૩૯ ના ૯૦ થી ૧૨૦ શબ્દોમાં માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના ૪ ગુણ) (૨૦)**

**• નીચેના પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ગણતરી કરી જવાબ આપો.**

**(35)** 8 સેમી આધાર અને 4 સેમી વેધવાળા સમદ્વિબાજુ ત્રિકોણની રચના કરો અને પછી બીજો એવો ત્રિકોણ રચો કે જેની બાજુઓ,સમદ્વિભુજ ત્રિકોણની અનુરૂપ બાજુઓ કરતા $1\frac{1}{2}$ ગણી હોય.

અથવા

**(35)** 3 સેમી ત્રિજયાવાળુ વર્તુળ દોરો.તેના કેન્દ્રથી લંબાવેલા વ્યાસ પર દરેકનું અંતર 7 સેમી થાય તે રીતે બિંદુઓ P અને Q લો. બિંદુઓ P અને Q માંથી વર્તુળને સ્પર્શક દોરો.

**(36)** યશને એક કસોટીમાં 40 ગુણ આવ્યા હતા.તેને પ્રત્યેક સાચા જવાબના 3 ગુણ મળે છે અને પ્રત્યેક ખોટા જવાબ માટે 1 ગુણ કપાય છે.જો પરીક્ષકે દરેક સત્ય જવાબ માટે 4 ગુણ આપ્યા હોય અને દરેક ખોટા જવાબ માટે 2 ગુણ કાપ્યા હોય તો, યશે 50 ગુણ મેળવ્યા હોય,તો આ કસોટીમાં કેટલા પ્રશ્નો હશે?

**(37)** સુર્યના ઉત્સેધકોણનું માપ $60^\circ$ થી ઘટીને $30^\circ$ થતા,સમતલ જમીન પર ઉભેલ ટાવરના પડછાયાની લંબાઈ માં 40 મીટર જેટલો વધારો થાય છે.તો ટાવરની ઊંચાઈ શોધો.

**(38)** એક તુર્કી ટોપીનો આકાર શંકુના આડછેદ જેવો છે.જો તેની ખુલ્લી બાજુની ત્રિજયા 10 સેમી અને ઉપરની બાજુના વતુર્ળની ત્રિજયા 4 સેમી હોય અને તિર્યંક ઊંચાઈ 15 સેમી હોય તો તેને બનાવવા માટે વપરાતા કાપડનું ક્ષેત્રફળ શોધો.

**(39)** $\Delta$ ABC અને $\Delta$ PQR માટે $\Delta ABC \sim \Delta PQR$ હોય,તો સાબિત કરો કે

$$\frac{ABC}{PQR} = \frac{AB^2}{PQ^2} = \frac{BC^2}{QR^2} = \frac{AC^2}{PR^2}$$

અથવા

**(39)** પાયથાગોરસનું પ્રતિપ્રમેય લખો અને સાબિત કરો.